# Inauguration of New Computer Laboratory



જૂનાગઢ કૃષિ યુનિ.માં અદ્યતન કોમ્પ્યુટર લેબોરેટરીનું લોકાર્પણ

## એક સાથે 50 થી વધુ છાત્રો સંશોધન કરી શકે તેવી કોમ્પ્યુટર લેબ ખુલ્લી મુકાઇ

### 66 લાખનાં ખર્ચે લેબોરેટરી બનાવાઈ : ડીજીટલ કલાસરૂમ તૈયાર કરાયો

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

જૂનાગઢ કૃષિ યુનિ.માં આવેલ કૃષિ મહાવિદ્યાલય , કૃષિ આંકડાશાસ્ત્ર વિભાગમાં બનાવવામાં આવેલી અદ્યતન કોમ્પ્યુટર લેબોરેટરીનું કૃષિ મંત્રી ચિમનભાઈ સાપરીયાનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ તકે કુલપતિ ડો.એ.આર. પાઠક, ડો.પી.વી.પટેલ, આચાર્ય ડો.બી.કે.સગારકા, ડો.એસ. એમ.ઉપાધ્યાય, પ્રોફેસર એ.પી. પ્રજાપતિ સહિતનાં હાજર રહ્યા હતા. કૃષિ આંકડાશાસ્ત્ર વિભાગ ખાતે બાંધકામ, ફર્નિચર, આઈટી ઉપકરણો સહિત કુલ 66 લાખનાં ખર્ચે 50 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી લેબોરેટરીનું નિર્માણ કરવામાં આવ્યુ છે. જેમાં 20 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા પી.જી. એન્ડ ડેટા એનાલિસીસ કોમ્પ્યુટર લેબોરેટરી, હાર્ડવેર એન્ડ નેટવર્ક લેબોરેટરીનો સમાવેશ થાય છે. તેમજ 42 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા ડિજીટલ કલાસરૂમની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેનો લાભ કૃષિ અને બાગાયત વિભાગનાં 225 વિદ્યાર્થીઓને મળશે.

નોટીસ

**Divya Bhashkar Date 24/08/2017**





**Inaugurated by Hon. Minister of Gujarat for Agriculture, Farmer Welfare and Energy Shri Chimanbhai Saparia Date 19/08/2017**